## સરકારી માધ્યમિક શાળા, અંબાલી તા. આંકલાવ, જી. આણંદ અને કન્યા શાળા, મહેળાવ આણંદના વિદ્યાર્થીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

---

સરકારી માધ્યમિક શાળા, અંબાલી તા. આંકલાવ, જી. આણંદના ૬૦ વિદ્યાર્થીઓ અને કન્યા શાળા, મહેળાવ, તા.જી. આણંદના ૭૩ વિદ્યાર્થિનીઓએ તા. ૨૦.૧૨.૨૦૨૩ બુધવારના રોજ, આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર સ્મૃતિ કેન્દ્ર અને સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સરદાર સ્મૃતિ કેન્દ્ર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી, અને પ્રાકૃતિક ખેતી અંગે પણ માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન શ્રી રતીલાલ ચવધરી, મદદનીશ પ્રાધ્યાપક અને સ્કૂલના શિક્ષકો હાજર રહેલ હતા.





